૭/૮

ક્રમાંક : જમન/૨૯-એ/બ/3946-48/૧૫-૧૬

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા : ૨૧/૧૨/૨૦૧૫.

વિષય:- Diversion of 4.6074 ha of protected forest land for the project of construction of Flexible pavement of puna valthan canal road K.M 0/028 to K.M 6/610 Surat district of Gujarat.

સંદર્ભ:- (૧) વન સંરક્ષકશ્રી, સા.વ. વર્તુળ, ભરૂચના પત્ર ક્રમાંક : અ/જમન/ટે-૬/૨૫૫૦-૫૧, તા.૧/૧૨/૨૦૧૫.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત આપના પત્રથી વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રે સાદર કરેલ છે. સદરહું દરખાસ્તની ચકાસણી કરતાં દરખાસ્તમાં અધુરાશ હોઇ, નીચે મુજબના મુદ્દાઓની પૂર્તતા કરી અત્રે અહેવાલ સાદર કરવા વિનંતી છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં ઓન લાઇન એન્ટ્રી દરમીયાન વળતર વનીકરણ સ્કીમનો જીઓ રેફરેન્સ મેપ અપલોડ કરેલ છે પરંતુ તેની પર વળતર વનીકરણ સ્કીમનો વિસ્તાર જી.પી.એસ રીડીંગ સહીત દર્શાવેલ નથી જેથી વળતર વનીકરણ સ્કીમનો વિસ્તાર અલગ કલરથી દર્શાવી જી.પી.એસ રીડીંગ સહિત ઓન લાઇન પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.

(૨) એફ.આર.એ ૨૦૦૬ અંતર્ગત મેળવવાનુ થતુ કલેક્ટરશ્રી નુ પ્રમાણપત્ર ઓન લાઇન અપલોડ કરવામાં આવેલ નથી જેથી ઓન લાઇન અપલોડ કરવાનુ રહેશે.

(3) દરખાસ્તમાં ૩૮૦ વૃક્ષો કાપવના થાય છે તેમ છતાં વિભાગીય કક્ષાએ થી કરવાની થતી ઓન લાઇન એન્ટ્રીમાં કાપવાના થતા વૃક્ષોની યાદી સામે 'NILL' દર્શાવેલ છે જે દર્શાવે છે કે ઓન લાઇન એન્ટ્રીમાં નાયબ વન સંરક્ષકશ્રી ની કચેરી દ્વારા યોગ્ય ચકાસણી કર્યા વિના દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવે છે જેથી ઓન લાઇન એન્ટ્રીમાં કાપવાના થતા વૃક્ષોની યાદી દર્શાવવાની રહેશે.

(૪) ઓન લાઇન એન્ટ્રી દરમીયાન વળતર વનીકરણ વિસ્તાર ટોપોશીટ મેપ પર દર્શાવી ઓન લાઇન અપલોડ કરવાનો હોય છે જેથી ટોપોશીટ મેપ (અક્ષાંસ રેખાંસ વાળો) ઓન લાઇન અપલોડ કરવાનો રહેશે.



28/12/15

(૫) એફ.આર.એ ૨૦૦૬ અન્વયે મેળવવાનુ થતુ કલેક્ટરશ્રી નુ પ્રમાણપત્ર નાયબ વન સંરક્ષકશ્રી એ પ્રમાણીત કરેલ નથી જેથી પ્રમાણીત કોપી સામેલ રાખવાની રહેશે.

(૬) એનેક્ષર-૨૨ માં યુઝર એજન્સી એ ભારત સરકારશ્રી ની પુર્વ મંજુરી વિના પ્રોજેક્ટની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ? તેની સામે 'NOT APPLICABLE' દર્શાવેલ છે જે ખરેખર યોગ્ય ન કહી શકાય. જેથી સર્ટીફીકેટમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૭) દરખાસ્તમાં રીક્લેમેશન પ્લાન અંગેનુ પ્રમાણપત્ર પણ સામેલ રાખવામાં આવેલ નથી જેથી સામેલ રાખવાનુ રહેશે.

આ સાથે દરખાસ્તની તમામ પ્રતો જરૂરી પુર્તતા સારૂ પરત કરવામાં આવે છે. ઉપર ના મુદ્દાઓ ની પુર્તતા કરી દરખાસ્ત અત્રે પુન; સાદર કરવા વિનંતી છે.

( અક્ષય કે. સક્સેના )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
સા.વ. વર્તુળ, ભરૂચ.

નકલ રવાના : નાયબ વન સંરક્ષકશ્રી, સાવ.સુરત તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ જય ભારત સહ રવાના : કાર્યપાલક ઇજનેરશ્રી, સુરત ડેવલપમેન્ટ ઓથોરીટી, 'સુડાભવન' કલેક્ટર કચેરી નજીક, બહુમાળી મકાનની પાછળ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.